રુપાંતરિત નગરપાલિકામાં કામ કરતા
પંચાયત સેવાના એલોકેટેડ કર્મચારીઓને
પેન્શનના લાભો આપવા બાબત.

---

ગુજરાત સરકાર,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃનપમ/૧૨૮૭/૭૫૨,
સચિવાલય, ગાંધીનગર,
તા.૩૧/૧/૯૨

વંચાણમાં લીધા :-

(૧) પંચાયત વિભાગનો ઠરાવ ક્રમાંકઃનપમ/૧૦૮૩/૧૩૩૦/ક, તા.૧૭/૧૦/૮૩
(૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના જાહેરનામા ક્રમાંકઃ કેવી/૧૭૫/૮૯/નપલ/૪૫૮૩/૩૮૧૯/(૧) થી (૯) તથા ક્રમાંકઃ કેવી/૧૭૫-૮૯-નપલ/૪૫૮૩/૩૮૨૦(૧) અને (૨) તા.૮/૧૦/૧૯૮૯.

ઠ રા વ

ઉપરોક્ત (૧) વંચાણમાં લીધેલ પંચાયત વિભાગના તા.૧૭/૧૦/૮૩ ના ઠરાવથી ભૂતપૂર્વ નગરપાલિકાઓમાંથી રુપાંતરિત નગરપંચાયતના કર્મચારીઓને પેન્શનના લાભો આપવાનું ઠરાવવામાં આવેલ છે તેવી જ રીતે તા.૧૧/૨/૯૯ ના રોજ ભૂતપૂર્વ નગરપાલિકાની સેવામાં હોય તેવા કર્મચારીઓ કે જે ભૂતપૂર્વ નગરપાલિકાનું ગ્રામ / નગરપંચાયતોમાં રુપાંતર થયુ હતું અને હવે વતીના સંદર્ભે નગરપાલિકામાં ફેરવવામાં આવી હોય તે સંસ્થાના તા.૧૧/૨/૯૯ ના રોજ સેવામાં હોય તેવા તથા તે તારીખ બાદ નિવૃત્ત થયેલ મૃત્યુ પામેલ પૂર્ણકાલીન સમયના એલોકેટેડ કર્મચારીઓને પંચાયત વિભાગના તા.૧૭/૧૦/૮૩ ના ઠરાવ ક્રમાંકઃ નપમ/૧૩૩૦/ક, થી બહાર પાડેલા પેન્શનના લાભો આપવાનું ઉક્ત ઠરાવની તમામ શરતોને આધીન રહીને, ઠરાવવામાં આવે છે. ( તા.૧૭/૧૦/૮૩ નો ઠરાવ આ સાથે પરિશિષ્ટમાં જોડેલ છે. )

૨. ઉક્ત નગરપાલિકાઓના એલોકેટેડ કર્મચારીઓના પેન્શન કેસોની તારીખ ૩૦/૯/૮૯ પછી નિવૃત્ત થતાં કર્મચારીઓની દરખાસ્ત નિયામકશ્રી નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય, અમદાવાદને કરવાની રહેશે.

૩. રુપાંતરીત નગરપાલિકાના એલોકેટેડ કર્મચારીઓના પેન્શન કેઈસ સંબંધિત સ્થાનિક સંસ્થાએ તૈયાર કરી નિયામકશ્રી નગરપાલિકા, પ્રાદેશિક નિયામકશ્રી દ્વારા નિયામકશ્રી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ અમદાવાદને રજૂ કરવાના રહેશે.

-૨-

૪. આ હુકમો નાણા વિભાગની તા.૫/૭/૯૧ ની નોંધથી સરખા ક્રમાંકની ફાઈલ ઉપર મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( એ.જી.ભટ્ટ )
નાયબ સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

પ્રતિ,
- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત અમદાવાદ / રાજકોટ.
- વિકાસ કમિશનરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુજરાત રાજ્ય, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ
- નગરપાલિકા નિયામકશ્રી, ગુજરાત રાજ્ય અમદાવાદ.
- પ્રાદેશિક નગરપાલિકા નિયામકશ્રી, કલેકટર કચેરીના કંપાઉન્ડમાં, રાજકોટ.
- કલેકટરશ્રી, સર્વે જિલ્લા / સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, સર્વે મહાનગરપાલિકાઓ.
- સર્વે નગરપાલિકાઓ.
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ.
- નાણાકીય સલાહકારશ્રી, શ.વિ અને શ.ગૃ.નિ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિશિષ્ટ ફાઈલ.